

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*વાગશે ડોજનો ઘંટ ને નિશાળે જવું પડશે,*
*કરી લીધી લહેરોમાં લ્હેર, દુ:ખી થવું પડશે,*
*તપ અને શ્રમ વિના મળતી નથી કદી સિદ્ધિ,*
*વિંઝાશે પરીક્ષાની સોટી, પણ ભણવું પડશે.*

હાઈકુ

*વિદ્યાર્થીની*
*ચડશે ગાડી પાટે -*
*ઓન-લાઈન...*

*થશે કસોટી*
*હવે વાલીની પણ*
*- થશે જાગૃત*

### ચિંતન

*ત્રાતારો દેવા અધિ વોચતા નો મા નો નિદ્રા ઈશત મોત જલ્પિઃ ।*
*વયં સોમસ્ય વિશ્વહ પ્રિયાસઃ સુવીરાસો વિદ્દશ્મા વદેમ્ ॥*

**ઉપરોક્ત શ્લોક ઋગ્વેદમાંથી લેવામાં આવેલ છે.**

**આળસ અને નકામા વાર્તાલાપથી બચવા માટે હંમેશાં કાર્યશીલ રહેવું જોઈએ. આપણે દુર્ગુણોથી દૂર રહીએ, શ્રેષ્ઠ સંતાનોને જન્મ આપીએ અને બધે આપણા જ્ઞાનની ચર્ચા થાય.**

**જે માનવી 'કામ કમ ઔર બાતે જયાદા' ના સિદ્ધાંત ઉપર ચાલેછે, જે માનવીને આળશુ બનાવે છે અને ખોટી આત્મપ્રશંસા માટે પ્રેરિત કરે છે. તે તણોગુણી અને રજોગુણી પ્રવૃત્તિ છે. આ દુર્ગુણ તેના સ્વભાવનું અંગ બની જાય છે.**

**આહાર, નિંદ્રા અને વિશ્રામ ઉપર યોગ્ય નિયંત્રણ રાખવું જોઈએ, તેમને પોતાના ઉપર સવાર થવા ન દેવાં જોઈએ. એક સજાગ ખેડૂતની માફક દરેક પળે ખેતરમાંથી નિંદામણ સફાઈ કરતાં રહેવું જોઈએ. દુર્ગુણોને શરુઆતથી જ આગળ વધતા અટકાવી દેવા જોઈએ.**

### સુવિચાર

- પ્રેમ જયારે વ્યવહાર બની જાય ત્યારે સ્નેહના ઝાડમાં પાનખર બેસી જાય છે - **કૃષ્ણકાન્ત ઉનડકટ**
- તસુભાર ધરા માટે સગો ભાઈ જયાં સરવાળા કરે,
  ત્યાં બિચારી ચકલી શું કરવા માળો કરે - **ચંદ્રેશ પ્રજાપતિ**
- જે વ્યક્તિ સારા સમયને અન્જોય કરી શકે અને ખરાબ સમયને સંમયથી જીવી જાણે એની આખી જિંદગી સરળ અને સહજ જ રહેવાની - **ડો. નીરુબહેન અમીન**
- અફસોસ વજનદાર હોય છે, એનો ભાર લાગે છે,
  એની ગુગળામણ થાય છે. અફસોસ ન હોય તો જ આહલાદકતા અનુભવાય - **મુંબઈ સમાચાર**
- પ્રેમ વગરના જ્ઞાનનું મૂલ્ય શૂન્યથી વધારે નથી - **અમૃતબિંદુ**
- કોઈ સફળતાને અંત માની લેશો તો જિંદગીમાં ઓટ આવી જશે, જિંદગીને તરબતર રાખવી હોય તો સપના સજાવી રાખો. સપના હશે તો જ સાધના કરવાનો આનંદ આવશે - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : વડની છાલને ગાયના દૂધમાં લસોટી પેસ્ટ બનાવી આંખની આસપાસ લગાડવાથી કાળા કુંડાળા દૂર થાય છે. **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

બાદશાહને ગુલામે કયારેય સમુદ્રની સફર કરી ન હતી. બાદશાહ તો અવારનવાર સમુદ્ર સફરે નીકળતો. આ વખતે તેણે પેલા ગુલામને સફરમાં સાથે લીધો. જયારે વહાણ મધદરિયે પહોંચ્યું ત્યારે પેલા ગુલામને ડર લાગ્યો. ચારેબાજુ તોફાની દરિયો જોઈ તેના હોસ ઉડી ગયા. ડરીને તે બૂમો પાડવા લાગ્યો. જહાજ પપરના સૌ નાવિકો, ખલાસીઓએ તેને ખૂબ સમજાવ્યો. પણ ગુલામ શાંત થવાનું નામ નહોતા લે તો. તે જહાજ ઉપર એકદમ સુરક્ષિત છે તેવો તેને વિશ્વાસ જ ન હતો. બાદશાહે તેને શાંત કરવા માટે એક વૃદ્ધ ખલાસીને તેની પાસે મોકલ્યો. વૃદ્ધે ગુલામના હાથ-પગ દોરડાથી બાંધી દીધા. અને ચાલુ જહાજમાં તેને પાણીમાં લટકાવવામાં આવ્યો. બે-ત્રણ ડૂબકી મારી પછી તરત તેને જહાજમાં પાછો ખેંચી લેવામાં આવ્યો. દોરડા છોડ્યા એટલે ગુલામ તરત ચૂપચાપ એક ખૂણામાં બેસી ગયો. આ જોઈનએ બધાને નવાઈ લાગી. બાદશાહે વૃદ્ધ ખલાસીને કારણ પૂછ્યું. ત્યારે તેણે જવાબમાં કહ્યું, 'જહાં પનાહ! પહેલા તે સમુદ્રમાં ડૂબવાનું દુ:ખ નહોતો જાણતો, પણ હવે તેણે દુ:ખની ઝલક મેળવી લીધી છે. તેથી હવે તેને અહીંયા શાંતિ મળી રહી છે. તેનું દુ:ખ શાંત થવાનું આજ મુખ્ય કારણ છે.' સાર એ છે કે માણસને દુ:ખમાંથી પસાર થયા બાદ જ સુખનું મહત્ત્વ સમજાય છે અને ત્યારે જ માણસને સુખની કદર થાય છે.

# રામજન્મભૂમિ મંદિરની 'કલ્યાણ કારી' ઈંટ ખરી પડી

**તંત્રીસ્થાનેથી...**

છઠ્ઠી ડિસેમ્બર, ૧૯૯૨ એ ભારતના ઈતિહાસની એક સીમાચિહ્ન રૂપ ઘટના છે. તત્કાલીન રાજકીય માંધાતાઓએ એને એક અવાજે 'કાળો દિવસ' કે કલંકરૂપ ઘટના તરીકે ઓળખાવીન પોતે ભારતના બંધારણને વફાદાર હોવાનો ઢોંગ જરૂર કર્યો હતો જેમાં વડાપ્રધાન નરસિંહ રાવ, અટલ બિહારી વાજપેયી અને લાલકૃષ્ણ અડવાણી સામેલ હતા. એમણે બાબરી ધ્વંસની ઘટનાને સખત શબ્દોમાં વખોડી કાઢીને આંતરરાષ્ટ્રીય મીડિયામાં પોતાની ધર્મનિરપેક્ષત છબી અકબંધ રાખવા પ્રયાસ કર્યો હતો. હકીકત એ હતી કે આ તમામને બાબરી તૂટી એ ગમ્યું હતું. જો તત્કાલીન મુખ્યમંત્રી કલ્યાણસિંહે સુપ્રીમ કોર્ટમાં દાખલ કરેલ શપથપત્ર મુજબ બાબરી ઢાંચાના રક્ષણનું કર્તવ્ય અદા કર્યું હોત તો કારસેવકો એ પરિસર સુધી પહોંચી જ ન શક્યા હોત. પરંતુ કલ્યાણસિંહે તો મુખ્યમંત્રી પદના શપથ લીધા પછી મંત્રીમંડળના સાથીઓ સાથે રામલલાનાં દર્શન કરીને વહેલામાં વહેલી તકે રામજન્મભૂમિ પર ભવ્ય મંદિર બનાવવાની પ્રતિજ્ઞા લીધી હતી! કહેવાનું તાત્પર્ય એ કે કલ્યાણસિંહ જ આજના રામજન્મભૂમિ મંદિરની પાયાની ઈંટ બનીને ધરબાઈ ગયા હતા. પોતે બંધારણીય ફરજ અદા કરવાનું ચૂક્યા એ મુદ્દે એમણે તાબડતોબ મુખ્યમંત્રી પદે રાજીનામું પણ આપી દીધું હતું. નરસિંહરાવે બાબરી ધ્વંસની આખી ઘટના ઘરમાં પુરાઈ રહીને જોઈ હતી અને એની જવાબદારી કલ્યાણસિંહ સરકાર પર ઢોળી દઈ બીજે દિવસે ઉત્તરપ્રદેશની રાજય સરકારને તત્કાલીન રાષ્ટ્રપતિ શંકરદયાળ શર્માના આદેશ મારફત ડિસમિસ કરાવી દીધી હતી. કલ્યાણસિંહ બાબરી ધ્વંસના 'હીરો' બનીને ઊપસ્યા હતા. પરંતુ ભારતીય જનતા પાર્ટી એની આંતરરાષ્ટ્રીય ખ્યાતિ બચાવવા એમને સાઈડલાઈન કરતી રહી હતી. આ એક એવો મર્દ લોકનેતા હતો જેને દંભ કરતાં નહોતો આવડતો. એણે વખત પૂરતું ભલે એવું નિવેદન આપ્યું હોય કે કારસેવકો આટલી હદે જશે એવી કલ્પના જ ન હતી; પણ હકીકતમાં એણે જાતે જ 'પરાક્રમ' નેપથ્યે રહીને કરાવ્યું હતું એમ કહેવામાં અતિશયોક્તિ નહીં લેખાય. સેંકડો વર્ષોથી ચાલ્યો આવતો વિવાદ છઠ્ઠી ડિસેમ્બર, ૧૯૯૨ના દિવસે પૂરો થઈ ગયો હતો. જે એમના પોલીસ વડાએ ગોળીબાર કરવાની મંજૂરી માગી ત્યારે એમણે 'બંધારણ'ને વફાદાર રહી એવી મંજૂરી આપી હોત તો ભારે રક્તપાત સરજાયો હોત અને ભારતીય જનતા પાર્ટી પ્રત્યે ખુદ હિંદુઓમાં જ ભારે રોષ સરજાયો હતો, બાબરી ધ્વંસ જ અંતે સુષ્ઠુ સુષ્ઠુ નહેરુ ચાલને અનુસરતા વાજપેયીને વડાપ્રધાન પદ સુધી પહોંચાડવામાં સૌથી અગત્યની ઘટના બની રહી હતી. કલ્યાણસિંહ હાંસિયે ધકેલાઈ ગયા હતા તે એ હદે કે એક તબક્કે એમણે મુલાયમસિંહ યાદવની છત્રછાયા હેઠળ સમાજવાદી પાર્ટીનું શરણું સ્વીકારવું પડ્યું હતું, જો કે એમનો આત્મા તો 'જનસંઘી' હતો, એટલે પાછા ભારતીય જનતા પાર્ટીમાં સામેલ થઈને અંતે મોદીકૃપાથી રાજસ્થાનના રાજયપાલ પદે પણ પાંચ વર્ષ રહી આવ્યા હતા. ભારતીય જનતા પાર્ટીને સત્તાના શિખરે જોઈને એમણે છેલ્લો શ્વાસ લીધા છે ત્યારે મોદી સહિત તમામ નેતાઓને એમની કહેવાતી 'ફરજ પ્રત્યેની બેદરકારી' જ પોતાની રાજકીય વિજયકૂચના પાયામાં પુરાયેલી હોવાનો અહેસાસ તો છે જ. એથી ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રીએ એમના નામે રાજયમાં ત્રણ દિવસનો શોક જાહેર કર્યો છે અને એમને સંપૂર્ણ રાજકીય સમ્માન સાથે અંતિમ વિદાય આપવાનો નિર્ણય જાહેર કર્યો છે. ભારતમાં અને 'હિંદુ રાષ્ટ્ર'ના ઈતિહાસમાં કલ્યામસિંહ એક યાદગાર પાત્ર તરીકે સદાકાળ માટે અંકિત થઈ ગયા છે.

# ધાર્મિક અધિકારના નામે ગેરકાયદેસરના બાંધકામને મંજૂરી મળે નહિ : ગુજરાત હાઈકોર્ટ



**કાયદો અને કાનૂન**
**અશ્વિન ત્રિવેદી**

કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ પ્રજાનો અધિકાર નાગરિક અધિકાર છે, પરંતુ તે મૂળભૂત અધિકાર નથી. કોઈપણ ધાર્મિક બાંધકામ જો તે ગેરકાયદેસર રીતે કરવામાં આવ્યું હોય તો સી.જી.ડી.સી.આર.માં છૂટછાટ આપી મંજૂરી આપી શકાય નહિ. ટાઉન પ્લાનીંગ ના કાયદાની કલમ -૨૯ મુજબ રાજય સરકારને મળેલ કાયદાની સત્તાનો ઉપયોગ કરવા યોગ્ય ગાઈડલાઈન બનાવવી જોઈએ. તેના આધારે જ આવા બાંધકામોને મંજુરી આપવી જોઈએ. પ્રજાનો અધિકાર કે ધર્મનો અધિકારના નામે કોઈ વ્યક્તિ કે સમૂદાયે કે ટ્રસ્ટે ગેરકાયદેસરની મંજુરી લેવા માટે સરકાર સમક્ષ જવું જોઈએ નહિ અને સરકારે તેમને મળેલી સત્તાનો દૂરઉપયોગ કરી આવા ગેરકાયદેસરના બાંધકામોને મંજૂરી આપવી જોઈએ નહી. દરેક નાગરિક ધર્મ કે સમુદાયને સમાન અધિકાર છે. દરેક વ્યક્તિને ધર્મ પાળવાનો અધિકાર છે. તેનો મતલબ એ નથી કે જાહેર માર્ગ કે રોડ-રસ્તા ઉપર જાહેર જનતાને ટ્રાફિકને અડચણરૂપ બને તે રીતે ગેરકાયદેસર ઉભા કરેલા ધાર્મિક સ્થાનોને મંજુરી આપવી, રહેણાંકના વિસ્તારમાં મંદિર કે જૈન દેરાસર કે દરગાહ બનાવી શકાય નહિ. તે સી.જી.ડી.સી.આર. ના નિયમોના ઉલ્લંઘન સમાન છે. જો મ્યુનિસિપલ કોર્પોરેશન કે સ્થાનિક મંડળ પાસેથી રહેણાંક માટે ગેરકાયદેસર રીતે જાહેર જનતા માટે ધાર્મિક સ્થાન ઉભું કરવું જોઈએ નહિ. પાલડી વિસ્તારના રહેણાંક ઝોનમાં આવેલ જૈન મંદિરના બાંધકામને ગેરકાયદેસર ઠરાવતા નામ. ગુજરાત હાઈકોર્ટે ઠરાવ્યું છે હતું કે, સ્થાનિક સત્તા જો બાંધકામને મંજુરી ના આપે તો રાજ્ય સરકારે સ્પેશ્યલ કેસમાં આવા બાંધકામ કે ટ્રસ્ટની પ્રવૃત્તિને કે ધાર્મિક સ્થાનને મંજૂરી આપવી જોઈએ નહિ.

ટી.પી. કાયદાની કલમ-૨૯(૧)(૧૧) હેઠળ મળેલ સત્તાનો દૂરઉપયોગ કરી કોર્પોરેશનને દેરાસર માટે પ્લાન મંજૂર કરવા જણાવ્યું હતું અને રહેણાંકની જગ્યાએ ધાર્મિક ઈમારત ઉભી કરવાની મંજુરી આપવામાં આવી હતી. આ મામલે જાહેર હિતની અરજી કરી હતી જે અરજીનો ચુકાદો આપતા નામ. ગુજરાત હાઈકોર્ટે જણાવ્યું હતું કે, પ્રસ્તુત કેસમાં રાજ્ય સરકારે નિયમોને અવગણના કરેલ હોવાનું જણાય છે. કાયદેસરનું ના ઠરાવી શકાય.

કોમન જનરલ ડેવલોપમેન્ટ કન્ટ્રોલ હેઠળ રેગ્યુલેશનથી વિપરિત રીતે મંજુરી આપી ના શકાય. ટાઉન પ્લાનીંગ એક્ટની કલમ-૨૯ નો દુરઉપયોગ રાજ્ય સરકાર મળેલ સત્તાના અધિકાર તરીકે કરી શકે નહિ.

ટાઉન પ્લાનિંગ કાયદા હેઠળની સત્તાના ઉપયોગ માટે સરકાર ગાઈડલાઈન અથવા રેગ્યુલેશન લાવશે. આવી ગાઈડલાઈનના આધારે જ મંજુરી આપવી જોઈએ. કોઈ એક કેસને ખાસ કિસ્સા તરીકે મંજુરી આપી શકાય નહિ. જાહેર હિતનું ધ્યાન સરકારે રાખવું એ તેની પ્રાથમિક ફરજ છે. ઘણા બધા લોકોની અગવડતાના ભોગે કોઈ એક વ્યક્તિ સંસ્થા કે ટ્રસ્ટ ને સ્પેશ્યલ કેસમાં મંજુરી આપી ટી.પી. એકટની કલમ-૨૯(૧)(૧૧) ની જોગવાઈનો વિસ્તૃત રીતે સત્તા અધિકાર રાજ્ય સરકાર આવા કિસ્સામાં વાપરી શકે નહિ.

રાજ્ય સરકારે તમામ વાંધાઓ હોવા છતાં સી.જી.ડી.સી.આર. માં છૂટછાટ આપીને સ્પેશ્યલ કેસ ગણીને મંજુરી શા માટે આપવી જોઈએ? પ્રજાનો અધિકાર (રાઈટ ટૂ વર્શિવ) એ કોઈ મૂળભૂત અધિકાર નથી. જાહેર જગ્યાએ જ પૂજા અર્ચના કરવી એ અગત્યનું નથી. વ્યક્તિ પોતાના ઘરમાં કે પ્રાઈવેટ જગ્યામાં પણ પોતાના ધર્મનું પાલન કરી પૂજા અર્ચના કરી શકે છે. જાહેર જનતાને અડચણરૂપ બાંધકામની મંજુરી આપી રાજ્ય સરકારે પોતાને મળેલ સત્તાનો દૂરઉપયોગ કરેલ છે.

પ્રજાનો અધિકારએ મૂળભૂત અધિકાર છે, પરંતુ પ્રજાના અધિકારના નામે આ રીતે રાજ્ય સરકાર સમક્ષ જઈ બાંધકામની મંજુરી માટે સી.જી.ડી.સી.આર. માં છૂટછાટ મેળવી શકે નહિ. એક કોઈ વ્યક્તિને આપવામાં આવેલ છૂટછાટ બીજી કોઈ ધર્મનો લોકો પણ માંગી શકે છે.

દેરાસરના બાંધકામની મંજુરી આપવાનું કોઈ જ મજબૂત કરણ નથી. રહેણાંક વિસ્તારમાં ધાર્મિક સ્થાનના કારણે જાહેર જનતાની સગવડમાં અડચણ ઉભી થાય, જાહેર જનતાને તકલીફ પડે, ટ્રાફિકમાં અડચણ ઉભી થાય તેવા ગેરકાયદેસરના કૃત્યને ધર્મના કે પ્રજાના અધિકારના નામે કોઈ ધાર્મિક બાંધકામની ગેરકાયદેસર મંજુરી લેવા માટે રાજ્ય સરકાર પાસે જવું જોઈએ નહિ. રાજ્ય સરકારે આવી મંજુરી સ્પેશ્યલ કેસ તરીકે આપવી જોઈએ નહિ. તેવું હાઈકોર્ટે ઠરાવ્યું છે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
info@trivediassociates.in

# અણધાર્યા આઘાતથી ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા વધુ સુદૃઢ બને છે



**WhatsApp ઓફ ધી વીક**
**નેહલ ગઢવી**

**ભૂકંપના આંચકા**
ધરતીની એક ત્રાડ, તમે શું કરી શકો?
હૈયે પડે તિરાડ, તમે શું કરી શકો?
પ્રત્યેક ખોપરીનો લઈ એક્સ-રે જુઓ તો
સરખી છે ચીર-ફાડ, તમે શું કરી શકો?
તૂટું તૂટું થતી છત મુંઝાઈને કહે છે
ઉઘડે નહિ કમાડ, તમે શું કરી શકો છો?
પગથી વળેલ ઘરને ટેકો દઈ ઉભેલા
પૂછી રહ્યાં છે ઝાડ, તમે શું કરી શકો છો?
ત્યાં કાટમાળમાંથી બાળક મળે છે રમતું
ઈશ્વર લડાવે લાડ તમે શું કરી શકો?

- કૃષ્ણ દવે

ધરતીકંપ, અતિવૃષ્ટિ, સુનામી જેવી કુદરતી આફતો કે પછી કોરોના જેવી મહામુસીબત આવે ત્યારે મનુષ્ય પોતાની જાતને અસહાય અને લાચાર માની કુદરતની સર્વોપરિતાનો સ્વીકાર કરે છે. જો કે આ હતાશામાંથી બહાર આવતાં જ એ ફરી પોતાની જાતને સર્વેસર્વા માનીને કુદરતની પરવા કરવાનું છોડી દે છે! હા, કુદરતી પ્રકોપના ભોગ બનેલાઓ આ નિરાશા ખંખેરી તેમાંથી બહાર આવે એ જ તેઓના માટે હિતાવહ છે. પરંતુ, મનુષ્ય ઠોકર ખાય ત્યાર બાદ જ ઈશ્વરની કે કુદરતની સર્વોપરીતાનો સ્વીકાર શા માટે કરતો હશે એ એક વિચારવા યોગ્ય બાબત છે. ત્યારે તે નાના બાળકની માફક આક્રંદ કરી મૂકે છે. ઈશ્વર પાસે પોતે કેટલો વામણો છે તેનો ખ્યાલ તેને આ પ્રકારની આફતનો ભોગ બન્યા બાદ જ સમજાય છે. જો કે આ સમજણ લાંબો સમય ટકતી નથી, માટે જ તો આપણા ગાંધીનગરના જ લેખક એવાં સંજય થોરાત લખે

આમ ભૂકંપના ઝાટકા આપીને ડરાવીશ નહીં એ કુદરત,
અમે માણસ છીએ, સમજીશું ખરા પણ અમે સુધરશું નહીં.''

પણ આ ધરતીકંપ એ તો કુદરતી આફત હતી અને તેમાં વ્યક્તિ ઈશ્વરને ફરિયાદ પણ કરી શકે અને આજીજી પણ કરે! પણ જીવનમાં આવા ધરતી ધ્રુજાવી દેનારા નાના-મોટા આંચકા દરેક વ્યક્તિના અંગત જીવનમાં આવે ત્યારે એ તકલીફનો સામનો તેણે જાતે જ કરવો પડતો હોય છે, એકલા હાથે ઝઝૂમવું પડતું હોય છે, જેમ કે, કોઈ સાવ અંગત વ્યક્તિનું અચાનક કે કોરોના જેવી મહામારીના કારણે થયેલું અવસાન; એ આઘાત વ્યક્તિ માટે અસહ્ય હોય છે. તેના પગ તળે જમીન સરકી જાય છે. જે વ્યક્તિ તેના જીવનમાં સૌથી વધુ અગત્યનું સ્થાન ધરાવતી હોય, જેના પર તે સંપૂર્ણપણે નિર્ભર હોય, જેની હાજરીની વ્યક્તિને એક ટેવ પડી ગઈ હોય તે વ્યક્તિ આમ સાવ અચાનક ચાલી જાય ત્યારે તે શૂન્યમનસ્ક બની જાય છે. તે સાવ અવાચક બનીને વિચારે કે હવે શું? જીવન કઈ રીતે જીવાશે? અને આવા સમયે ડોંગરેજી મહારાજ લખે છે તેમ તેની અંદરથી અવાજ સંભળાય છે તેની અંતરઆત્માનો ખુદ પરમાત્માનો :

''દરેક મનુષ્યને એક મિત્ર હોય છે તે હંમેશ એને ગુપ્ત મદદ કરતો જ રહે છે. મનુષ્યને એ કહેતો હોય છે કે, ધરતી ખેડવાનું કામ તારું, વરસાદ વરસાવાનું કામ મારું.. બીજ વાવવાનું કામ તારું, અંકુર પ્રગટાવવાનું કામ મારું... તું ખેતર સાચવજે, હું અન્ન પકવીશ... તું ભોજન કરજે, હું અન્ન પચાવીશ'' એ મિત્ર તે જ ઈશ્વર, માનવજીવન એ ઈશ્વરનો છૂટો પડેલો અંશ છે.'' અને જયારે આ પ્રકારનું આત્મબળ

તેને પ્રાપ્ત થાય ત્યારે તેના જીવનમાં આવેલા ભૂચાલના એ આંચકાની ગોઝારી અસરમાંથી તે ધીરે ધીરે બહાર આવી જાય છે. પોતાના નિત્યકર્મમાં ફરી વ્યસ્ત બની જાય છે અને નિરાશા તેમ જ હતાશાને સાવ જ ખંખેરી નાખે છે અને જીવનની ગતિને આગળ ધપાવે છે. જો કે, જીવનનિર્વાહ માટે તે આવશ્યક પણ છે તેમ છતાં એક ડંખ તેના મનમાં સતત રહ્યા કરે છે, એકલતા તેનો મનને કોરી ખાય છે. તે પોતાના મનને વ્યસ્ત રાખે છે તેમ છતાં તેના જીવનના એ અગત્યના વ્યક્તિની વિદાયનો આંચકો તેના હૈયે ક્યારેય ન રૂઝાય એવા કારમા ઘા સમાન બની રહે છે!

આપણા દેશમાં પશ્ચિમી સંસ્કૃતિના આગમન અને તેના આંધળા અનુકરણને પગલે સામાજિક વ્યવસ્થાના પાયા પણ ધરતીકંપ વખતે 'હાઈરાઈઝ બિલ્ડીંગ્સ ના પાયા હલે તે જ રીતે હચમચી ગયા છે. પરિણામે, સમાજમાં યુવા વર્ગમાં ડિપ્રેશનનું પ્રમાણ ખૂબ મોટા પ્રમાણમાં વધતું જોવા મળ્યું છે. દેખાદેખી અને આંધળો ખર્ચ કરીને મોર્ડન લાઈફસ્ટાઈલ અપનાવવાને કારણે વ્યક્તિ સતત પોતાની જાતને સાબિત કરવામાં, પોતાની એક ઓળખ પામવામાં અને તેને પ્રસ્થાપિત કરવામાં દિવસ-રાત એક કરીને મહેનત કરે એ સમજી શકાય તેવી અને સકારાત્મક બાબત છે પણ તેના બદલે યુવાવયના લોકો વધુને વધુ મહત્ત્વાકાંક્ષી બની પોતાની સાદી જીવનશૈલી પણ સારી રીતે માણી શકતા નથી. કંઈક વધુ મેળવવાની હોડમાં જે તેની પાસે છે તેને પણ તે સારી રીતે માણી શકતો નથી. અને આ તમામ પરિબળોને કારણે ધીરે-ધીરે તેના મનમાં રહેલો તનાવ અને સ્ટ્રેસ તેને કયારે severe depressionનો શિકાર બનાવી દે છે તેનો અંદાજ કે અહેસાસ વ્યક્તિને ખુદને પણ રહેતો નથી! નિરાશા અને હતાશાની ઊંડી ખીણમાં તે વધુ ને વધુ ઊંડો ધસતો જ જાય છે! આવા સમયે વ્યક્તિના પરિવારજનોને જયારે આ બાબતની જાણ થાય ત્યારે તેમના માથે જાણે આભ ફાટ્યું હોય તેની પરિસ્થિતિ સર્જાય છે. આવા સમયે ધરતીકંપ જેવો જ ભયંકર આંચકો, યુવાનોના માનસિક રોગનો શિકાર બનવાથી, તેમના પરિવારજનોને અનુભવાય છે. તેમાંય આપણા દેશમાં માનસિક રોગીને ઓળખવાની બાબતમાં તેમ જ તેમની તકલીફોને સમજવાની બાબતમાં નિરાશાજનક માનસિકતા જોવા મળે છે ત્યારે વ્યક્તિ અસહાય બનીને ચિત્કારી ઊઠે છે, તેને પોતાની ભૂલનો અહેસાસ આવા સમયે જ થાય છે.

''ભગવાન હોય, તો આટલી અભદ્રતા કેમ?
આ બધું શું તમારું જ સર્જન છે? તમે આવા નિષ્ફર છો, પ્રભુ?
કે આ બધું અમારું સર્જન છે? અમારી લાલસા અને મિથ્યાભિમાન
મત, આગ્રહ અને વિચારો અમારો ભય અને અમારું અહં
અમારી મહત્વાકાંક્ષા, સત્તામોહ
સાચીખોટી તરકીબો રચતું મન
અમારી મૂર્ખતા, ટૂંકી દૃષ્ટિ અને આત્મકેન્દ્રી વલણ
આ બધું લઈને અમે દુનિયામાં ચાલ્યાં છીએ.''

રોજબરોજના જીવનમાં આવા નાના-મોટા આંચકાઓ આપણને ઢંઢોળે છે, આપણા અંતરઆત્માને જાગૃત કરે છે. નોકરી-ધંધામાં આવતું મોટું નુકશાન, પતિ-પત્નીના સંબંધોમાં તિરાડ, ઘરની કોઈ એક વ્યક્તિની ખૂબ લાંબા સમયની માંદગી એમ અનેક પ્રકારના ધરતીકંપના આંચકા વ્યક્તિ પગ નીચેથી જમીન સરકાવી દેતા હોય છે પણ ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા અને મહેનત કરવાની લગન સાથે તે સતત પ્રયત્નશીલ બની રહે છે. જીવનમાં બનતી દુ:ખદ ઘટનાઓને ભૂલીને આગળ વધતા શીખે છે. હા, આવા અણધાર્યા આઘાતથી તેની ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા ચોક્કસપણે વધુ સુદૃઢ બને છે અને જીવનને તે એક નવા જ દૃષ્ટિકોણથી મૂલવતાં શીખે છે. કવિ ઉશનસ્ લખે છે તેમ,

''ભરતી વિશે ઊભરાય ખાડી, ખાંજણો યે આંકળી; - ના, તે નહીં.
ને ઓટમાં એ હાડપિંજર ગળી લો પાંસળીએ પાંસળી; - તો યે નહીં.
ઓટ ને ભરતી ઉભય સંધાય જે ક્ષણ - તે સમુંદર જિંદગી!

તો આવો, આપણી આસપાસ રહેલી વ્યક્તિના જીવનમાં આવા કંપન આવે ત્યારે તેની પાસે રહીને તેને સાંત્વના આપીએ, હિંમત આપીએ અને આપણા આ જન્મના ઋણાનુબંધમાંથી મુક્તિ પામીએ. કારણ કે, ગાંધીજી કહેતા કે,

**''ન બોલે તેને બોલાવજે, જે ન આવે તેને ઘેર જજો,**
**જે રિસાય તેને રીઝવજો,**
**ને બધું તમારા ભલાને સારું કરજો!**
**જગત લેણદાર છે,**
**આપણે તેના કરજદાર છીએ.''**

- nehalgadhavi101@gmail.com

# આર.જે. ધ્વનિત અમદાવાદને લીલુંછમ કરી રહ્યા છે, શહેરના ખૂણે ખૂણે ફરીને વૃક્ષારોપણ કરે છે



**નવી સવાર**
**રમેશ તન્ના**

રેડિયો મિર્ચીના સ્વરસુકાની આરજે ધ્વનિત અમદાવાદને હરિયાળું બનાવી રહ્યા છે. ટ્રી ઈડિયટ કે પેડ-મેન બનીને તેઓ છ વર્ષથી અમદાવાદના ખૂણે ખૂણે જઈ રહ્યા છે. લોકભાગીદારી સાથે વૃક્ષારોપણ કરી રહ્યા છે. જમીન પર વૃક્ષોનું અને શહેરીજનોના હૃદયમાં પ્રકૃતિપ્રેમનું વાવેતર કરી રહ્યા છે.

તેનો પ્રારંભ થયો ૨૦૧૬થી. પ્રથમ ઋતુ (સિઝન)માં શહેરીજનો તરફથી પોતાના ઘરે કે વિસ્તારમાં વૃક્ષારોપણ કરવાનાં ૧,૦૦,૦૦૦ વિનંતી-કહેણ મળ્યાં. એ વર્ષે આરજે ધ્વનિતે ૭૫,૦૦૦ વૃક્ષો વાવ્યાં અને વવડાવ્યાં.

**આ ટ્રી ઈડિયટ અને પેડ-મેને છ સિઝનમાં ૪.૮૨ લાખ વૃક્ષો વાવ્યાં છે. તેમાંથી ૭૫ ટકાથી પણ વધુ ઊગ્યાં છે હોં..**

બીજા વર્ષે કેટલાં વૃક્ષો જીવ્યાં તેનું સર્વેક્ષણ થયું તો સફળતાનો આંક મળ્યો ૭૨ ટકા. એનો અર્થ એ થયો કે શહેરીજનોએ ધ્વનિતને સારું લગાડવા, તેની સાથે માત્ર તસવીર ખેંચાવા કે દેખાદેખીમાં વૃક્ષો વાવ્યાં નહોતાં. તેમણે સાચી લાગણીથી વૃક્ષો વાવ્યાં અને ઉછેર્યાં. એ વર્ષે લક્ષ્યાંક હતો ૨૫,૦૦૦નો જે ત્રણ ગણો સિદ્ધ થયો હતો.

બીજી સીઝનમાં એક લાખ વૃક્ષોનું આરોપણ થયું. ખાસ તો શહેરમાં બે નવા બગીચા બન્યા. ગામ હોય ત્યાં ઉકરડો હોય અને મોટા ભાગે પત્રકારો અને મીડિયાકર્મીઓના ભાગે ઉકરડાની વાત કરવા કે લખવાનું આવતું હોય છે. એવી પાનખર જેવી સ્થિતિમાં કોઈ માધ્યમકર્મી દ્વારા લીલાછમ બગીચાનું રીતસરનું નિર્માણ થાય એ ઘટના જુદી જ નહીં, મોટી પણ છે.

૨૦૧૮માં આરજે ધ્વનિતે હેટ્રિક કરી. સતત ત્રીજા વર્ષે તેમણે અમદાવાદમાં ઘરે ઘરે ફરીને વૃક્ષો વાવ્યાં. વર્ષનો લક્ષ્યાંક હતો ૧,૦૦,૦૦૦નો. તેમની પાકી નિસબત, અથાક ઉર્જા અને શહેરીજનોના



લીલોછમ ઉત્સાહને પગલે એક લાખ વૃક્ષો તો વાતવાતમાં રોપાયાં. આરજે ધ્વનિતે સરસ રીતે હેટ્રિક કરી.

૨૦૧૯ના વર્ષની સીઝનમાં સૌથી વધુ કામ થયું. ૧.૫૨ લાખ વૃક્ષોનું વાવેતર થયું. શહેરીજનો પણ પર્યાવરણની ગંભીરતાને સમજ્યા.

૨૦૨૦માં કોરોનાના કારણે માત્ર ૪૭ હજાર વૃક્ષોનું જ વાવેતર થયું.

૨૦૨૧માં પણ સ્થિતિ ડામોડોળ હતી. જોકે મે-૨૦૨૧થી સ્થિતિ સુધરતાં વૃક્ષારોપણ થઈ શક્યું. અત્યાર સુધી ૨૬ હજાર વૃક્ષોનું વાવેતર થયું છે.

આમ અત્યાર સુધી ટ્રી ઈડિયટ આરજે ધ્વનિતે અમદાવાદ શહેરમાં ચાર લાખ ૮૨ હજાર વૃક્ષો વાવ્યાં અને વવડાવ્યાં છે.

બે બાબત ખાસ ધ્યાનમાં લેવા જેવી છે. પહેલી વાત તો એ કે આ ઝૂંબેશને કારણે લોકોએ પોતાની રીતે અને પ્રીતે જે વૃક્ષો વાવ્યાં હશે તેનો આંકડો જુદો જ હશે. કોઈ બાબતનું પોઝિટિવ અને પ્રોત્સાહક વાતાવરણ બને ત્યારે તેનો પણ સમાજને ફાયદો થતો જ હોય છે.

બીજી વાત.. આ કંઈ કરવા ખાતર, વિધિ કરવા માટે, ફોટા પડાવવા માટે, આંકડો બતાવવા માટે કરાયેલું વૃક્ષારોપણ નથી. આ શુભનિષ્ઠાથી થયેલું કાર્ય છે. ઊગી નીકળવું જોઈએ એવી ભાવના સાથે જયારે પ્રવૃતિ થાય ત્યારે પરિણામ આવે જ. અને આ તો પ્રવૃતિ જ વૃક્ષો ઉગાડવાની.. એટલે પરિણામ ચોક્કસ આવે જ. આવ્યું પણ છે.

આવી લીલીછમ નિસબત માટે આરજે ધ્વનિત આપણા બધાના અભિનંદનના અધિકારી છે.

એક ખાસ અને ગંભીર વાત. અમદાવાદમાં પ્રદૂષણ ઝડપથી વધી રહ્યું છે. શિયાળામાં કેટલાક વિસ્તારોમાં તો એટલું બધુ પ્રદૂષણ થાય છે કે લોકોને આખો દિવસ આંખો ચોળવી પડે છે. દિલ્હીમાં હવાના પ્રદૂષણને કારણે જેમ શાળા-કોલેજો બંધ રાખવી પડે છે એમ અમદાવાદમાં પણ બને તેવી સંભવિત વિકટ સ્થિતિથી જો બચવું હશે તો વાહનો ઘટાડવાં પડશે અને વૃક્ષો વધારવાં પડશે.

રેડિયો મિર્ચી, આરજે ધ્વનિત વૃક્ષારોપણની આ ઝૂંબેશ અમદાવાદ મહાનગરપાલિકા (હા, એ જ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન)ના પૂરા સહયોગથી ચાલી રહી છે. વૃક્ષો મહાનગરપાલિકા આપે છે, આરજે ધ્વનિત તેને ઘરે ઘરે પહોંચાડે છે.

મીઠું મીઠું, ઉત્તમ ઉત્તમ બોલી દરરોજ અમદાવાદને જગાડતા, નિસબતી આરજે ધ્વનિત, રેડિયો મિર્ચી અને એએમસીને ખોબાને ખોબા ભરીને ગ્રીન ગ્રીન અભિનંદન અને તેમની હાકલ સાંભળીને, છોડ વાવીને તેમને વૃક્ષ બનાવતા પર્યાવરણપ્રેમી શહેરીજનોને ૧૧ દરિયા ભરીને અભિનંદન.

**છાંયડો**
**પ્રકૃતિ સૌથી ઉત્તમ શિક્ષક છે.**